**<u>મહે. ૧૬ માં એડી. ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૨૧ માં, અમદાવાદ શહેર.</u>**

**<u>સમરી નં. 869 / 2024</u>**

**રામોલ પો.સ્ટે. ગુ. રજી. નં. ૧૧૧૯૧૦૨૪૨૩૧૧૦૪/૨૦૨૩, ઇ.પી.કોડની કલમ– ૩૭૯ મુજબના કામે રજુ કરવામાં આવેલ વર્ગ '' અ '' પડત સમરી લગત હુકમ :–**

---

ઉપરોકત ગુનાના કામે રજુ કરવામાં આવેલ વર્ગ '' અ '' પડત સમરી વંચાણે લીધી, સાથે રજુ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, **આઇ** ડીવીઝન, અમદાવાદનો પત્ર તથા રજુ પેપર્સ વંચાણે લીધા. રજુ પેપર્સ વંચાણે લેતા, સમરીના કાગળો પોલીસ ઇન્સ્પેકટરશ્રી ધ્વારા તૈયાર કરવામાં આવેલા છે, જેના ઉપર **રામોલ** પો.સ્ટે.ના પો.ઇન્સ્પે. શ્રીની સહી છે. તેમજ સદર '' અ '' પડત સમરી મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, **આઇ** ડીવીઝન, અમદાવાદના પત્ર ધ્વારા રજુ કરવામાં આવેલ છે. રજુ પેપર્સ ધ્યાને લેતાં તેમાં આરોપી નમુદ નથી તથા તપાસ દરમિયાન મળી આવતા નથી તેમ જણાવવામાં આવેલ છે. તપાસમાં શકમંદ ઇસમ/ઇસમોને તપાસવામાં આવેલા છે, તેમજ અન્ય બીજી તપાસ પણ કરવામાં આવેલ છે તેમ જણાઇ આવે છે, તેમ છતાં હાલનો ગુનો આચરનાર આરોપી / આરોપીઓ મળી આવતા નથી કે ભવિષ્યમાં ટુંકા સમયમાં મળી આવે તેમ નથી. જેથી ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લઇ વધુ તપાસ ચાલુ રાખવાની શરતે વર્ગ '' અ '' પડત સમરી ન્યાયના હિતમાં મંજુર કરવામાં આવે છે.

હુકમ મુજબની યાદી કરવી.

હુકમ આજ રોજ તા.૧૪/૧૨/૨૦૨૪ ના રોજ લોક અદાલતમાં / સ્પેશિયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૧૨/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.
**<u>સ્પેશિયલ સીટીંગ</u>**

(પરેશગીરી નટવરગર ગોસ્વામી)
૧૬ માં એડી. ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૧, અમદાવાદ શહેર.
કોડ નં. જી.જે. ૦૧૦૩૭